# ગૌણ વન પેદાશોના ટેકાના ભાવે ખરીદ નીતિ –Minimum Support Price to Minor Forest Produce- (MSP to MFP)

વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ ગૌણ વન પેદાશો ઉપર વનવાસીઓનો સંપૂર્ણ અધિકાર છે. ગૌણ વન પેદાશો વનવાસીઓ માટે આર્થિક ઉપાર્જનનું મહત્વનું સાધન છે. વનવાસીઓને ગૌણ વન પેદાશોમાંથી સતત આવક મળી રહે તે માટે ભારત સરકારના તા. ૨૧/૧૧/૨૦૧૪ ના પત્ર અનુંસંધાને આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા સને ૨૦૧૪-૧૫ થી ગૌણ વન પેદાશોના ટેકાના ભાવે ખરીદી- MSP to MFP યોજના અમલી છે.

ગૌણ વન પેદાશોના ટેકાના ભાવે ખરીદી અંગે ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલય અને રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ વિભાગ વચ્ચે આ નીતિની ગાઇડલાઇન મુજબ M.O.U કરવામાં આવેલ છે.

MSP to MFP યોજના હેઠળ આદિજાતિ વિકાસ વિભાગ નોડલ ડિપાર્ટમેંટ અને ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિ. (GSFDC) અમલીકરણ એજંસી નક્કી કરવામાં આવી છે. MSP to MFP યોજનાની ગાઇડલાઇંન્સ અન્વયે ૭૫:૨૫ ના ધોરણે ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વારા ગ્રાંટની જોગવાઇ કરવાની રહે છે.